મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળા (કન્યા) અમદાવાદના શૈક્ષણિક સંકુલના નવા મકાન બાંધકામને સુધારેલ અંદાજોને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અનશ/૧૦૨૦૧૩/૭૮૯૫૩૬-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૧/૬/૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) સા.ન્યા.અને અ.વિભાગના તા.૧૭-૪-૨૦૧૭ ના પત્ર ક્રમાંકઃ અનશ/ ૧૦૨૦૧૩ /૭૮૯૫૩૬/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ના તા.૩૦-૫-૨૦૧૭ના પત્ર ક્રમાંક-અજાક-ગ-૧-૧-૨૦૧૭-૧૮-૨૭૦૧.

ઠ રા વઃ-

રાજયમાં આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૯ થી ૧૨ ની કન્યાઓ માટે રહેવા, જમવા અને ભણવા માટેની એક જ સંકુલમાં વ્યવસ્થા કરવામાં આવે છે. આ યોજનામાં અનુ.જાતિની કન્યાઓને સારા મકાન અને પુરતા વીજળી પાણીની સગવડ મળી રહે તે માટેની યોજના અમલમાં છે. ઉકત વંચાણે લીધા ક્રમ-૧ ના તા.૧૭-૪-૨૦૧૭ ના પત્રથી આદર્શ નિવાસી શાળા (અ.જા/કન્યા) અમદાવાદની ધોરણ ૯ થી ૧૨ ની કુલ ૧૬૦ ની સંખ્યા ધ્યાને લઇ શાળા બિલ્ડીંગ અને છાત્રાલય બિલ્ડીંગ માટે ઉપલબ્ધ થયેલ જમીનનો કબ્જો મેળવવાની તથા તે મુજબ નવેસરથી પ્લાન એસ્ટીમેન્ટ તૈયાર કરવા અંગેની આથી મંજુરી આપવામાં આવેલ છે. જેના અનુસંધાને નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ના વંચાણ લીધા ક્રમ-૨ પરના તા.૩૦-૫-૧૭ ના પત્રથી મામા સાહેબ ફડકે આદર્શ નિવાસી શાળા (કન્યા) અમદાવાદના શૈક્ષણિક સંકુલના નવા મકાન બાંધકામને સુધારેલ અંદાજોને વહીવટી મંજુરી આપવા અંગેની દરખાસ્ત રજુ કરવામાં આવેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના તા.૭/૪/૨૦૧૬નાં પત્રથી જણાવ્યા મુજબ ટી.પી.સ્કીમ નં. ૩૦૧ ભાડજ ખાતેની સ્કીમ હાલ ડ્રાફ્ટ સ્ટેજે હોઇ, જમીનના અદલા-બદલા માટે વેરીએશન ખર્ચના નાણાં ભરવાના રહેતા નથી. પરંતુ જમીનનો કબ્જો મેળવવાના સમયે સદર ટી.પી સ્કીમ જો ફાઇનલ સ્ટેજે થઇ જાય તો ટી.પી.સ્કીમ અદલા-

બદલાના કારણે ટી.પી.સ્કીમ વેરીડ કરવાની જરૂરિયાત ઉભી થાય તો જ વેરીયેશન ખર્ચ રૂ.૪૦.૦૦ લાખ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે ભોગવવાનો થશે.તે અંગેની સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવે છે.

વધુમાં, ખરેખર વેરીએશન ખર્ચ રૂ.૪૦/- લાખ જે તે સમયે ચૂકવવાનાં થાય તો તે સમયે તે અંગેના આધાર સહિત સદરહુ રકમનો ખર્ચ અંદાજપત્રનાં કયા બજેટ સદર હેઠળ કરવાનો થશે? તેની બજેટ સદર સહિત ની વિગતો તથા તે માટે ચાલુ વર્ષમાં અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ તથા ઉપલબ્ધ ગ્રાન્ટની વિગતો સહિત ખર્ચ કરવા અંગે નાણા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૭-૬-૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ધનશ્યામસિંહ મકવાણા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,
અનુસૂચિત જાતિ કલ્યાણ,
ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

નકલ રવાના:-
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન જિ.અમદાવાદ
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જિ.અમદાવાદ
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જિલ્લા પંચાયત, જિ.અમદાવાદ
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, જિ.અમદાવાદ
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ. પસંદગી ફાઇલ.